**વંચાણે લીધા :**

**(૧)** પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૭/૨૦૨૨, તા.૨/૩/૨૦૨૨ તથા

**(૨)** પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૮/૨૦૨૩, તા.૧૦/૪/૨૦૨૩ અન્વયે.

# જાહેરનામું

## પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૪૭/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫

હું, જી.એસ.મલિક,IPS,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નવા વર્ષની ઉજવણી નિમિત્તે જાહેર વ્યવસ્થા જાળવવા, ટ્રાફીકના સુચારુ નિયમન તથા નાગરિકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ જારી કરૂ છું.

## -: હુકમ :-

અમદાવાદ શહેરમાં તા.૩૧/૧૨/૨૦૨૫ અને તા.૦૧/૦૧/૨૦૨૬ વચ્ચેની રાત્રી દરમિયાન નવા વર્ષની ઉજવણી નિમીતે મોટી જનમેદની ભેગી થતી હોય છે. જેના નિયમન સારૂ નીચે મુજબના વિવિધ પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

**૧. સી.જી.રોડ :** સી.જી.રોડના સ્ટેડીયમ સર્કલ થી પંચવટી સુધી **૩૧/૧૨/૨૦૨૫ ના કલાક ૧૮.૦૦ થી તા.૧/૧/૨૦૨૬ ના કલાક ૦૩.૦૦ સુધી** તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશ બંધ રાખવામાં આવે છે.

**વૈકલ્પિક અવર જવરના રૂટ :**

- ➢ સમથેશ્વર મહાદેવથી બોડીલાઇન ચાર રસ્તા, ગુલબાઇ ટેકરાથી બોડીલાઇન ચાર રસ્તા થઇ સમથેશ્વર મહાદેવ તરફ આમને સામને બંને બાજુ રોડ ચાલુ રાખીને સી.જી.રોડ ક્રોસ કરી શકશે. પરંતુ સી.જી.રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી અને કલાક ૨૦.૦૦ થી તમામ વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે.
- ➢ મીઠાખળી સર્કલથી ગીરીશ કોલ્ડ્રીક્સ ચાર રસ્તા થઇ સેન્ટ ઝેવિયર્સ રોડ તથા નવરંગપુરા બસ સ્ટેન્ડ થી સ્વસ્તીક ચાર રસ્તા થઇ કોમર્સ છ રસ્તા આમને સામને બન્ને બાજુ રોડ ચાલુ રાખીને સી.જી.રોડ ક્રોસ કરવાનો રહેશે. પરંતુ સી.જી.રોડ ઉપર વાહન હંકારી શકાશે નહી અને કલાક ૨૦.૦૦ થી સદંતર વાહન વ્યવહાર બંધ કરવામાં આવશે.
- ➢ સી.જી.રોડ ઉપર આવેલ કાયદેસરની બન્ને બાજુ જે પાર્કિંગ વ્યવસ્થા રાખવામાં આવેલ છે તે પાર્કિંગ વ્યવસ્થા કલાક ૧૮.૦૦ થી બંધ રહેશે.

**૨. સિંધુભવન રોડ:** ઝાઝરમાન ચાર રસ્તાથી તાજ સ્કાયલાઇન ચાર રસ્તા સુધીનો બન્ને બાજુનો માર્ગ **૩૧/૧૨/૨૦૨૫ ના કલાક ૨૦.૦૦ થી તા.૧/૧/૨૦૨૬ ના કલાક ૦૩.૦૦ સુધી** તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત રહેશે.

**વૈકલ્પિક અવર જવરના રૂટ :**

- ➢ ઝાઝરમાન ચાર રસ્તાથી અશ્વમેઘ બંગલો ચાર રસ્તા થઇ કાલીબારી મંદીર રોડ થઇ ઉમિયા ટ્રેડર્સ ટી થઇ તાજ સ્કાયલાઇન તરફ વાહનો અવર-જવર કરી શકાશે.

➢ ઝાઝરમાન ચાર રસ્તાથી બાગબાન ચાર રસ્તા થઇ આંબલી ઓવરબ્રિજ મધ્યભાગ થઇ શિલજ સર્કલ તરફ વાહનો અવર–જવર કરી શકાશે.

**૩.** પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર નાઓના આમુખ (૧) માં નિર્દીષ્ટ કરેલ જાહેરનામાંથી સમગ્ર શહેરમાં સવાર કલાક ૮.૦૦ થી રાત્રીના કલાક ૨૩.૦૦ સુધી ભારે તથા મધ્યમ પ્રકારના માલવાહક અને પેસેન્જર વાહનો તથા આમુખ (૨) થી સવાર કલાક ૮.૦૦ થી રાત્રીના કલાક ૨૨.૦૦ સુધી પેસેન્જર વાહનોની અવર–જવર ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે, તે પૈકી પેસેન્જર વાહન સિવાયના તમામ પ્રકારના વાહનો એસ.જી.હાઇવે એટલે કે સરખેજ ગાંધીનગર હાઇવે ઉપર **તા.૩૧/૧૨/૨૦૨૫ ના કલાક ૦૮.૦૦ થી તા.૧/૧/૨૦૨૬ ના કલાક ૦૩.૦૦ સુધી** અવર–જવર કરી શકશે નહી. આ દરમિયાન વાહન ચાલકોએ પ્રતિબંધિત વિસ્તાર સિવાયના સરદાર પટેલ રીંગ રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

**૪.** પકવાન ચાર રસ્તાથી સાણંદ ચોકડી સુધીના એસ.જી.રોડ અને તેના સર્વિસ રોડ પર **તા.૩૧/૧૨/૨૦૨૫ ના કલાક ૧૯.૦૦ થી તા.૧/૧/૨૦૨૬ ના કલાક ૦૩.૦૦ સુધી** વાહન પાર્કિંગ પર પ્રતિબંધ રહેશે.

**૫.** નહેરુનગર સર્કલ થી શિવરંજની ચાર રસ્તા થઇ ઇસ્કોન ચાર રસ્તા સુધીના રોડ પર ખાનગી લક્ઝરીના પાર્કિંગ ઉપર પણ આ સમય દરમિયાન પ્રતિબંધ રહેશે.

**નોંધ** : ઉપર્યુક્ત પ્રતિબંધ દરમિયાન (તા.૩૧/૧૨/૨૦૨૫ રાત્રીના કલાક ૨૦.૦૦ થી તા.૧/૧/૨૦૨૬ ના કલાક ૩.૦૦ સુધી) વાહન ચાલકોએ પ્રતિબંધિત વિસ્તાર સિવાયના પૅરેલલ (સમાતંર) રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

**અપવાદ :** ફરજમાં રોકાયેલા તમામ સરકારી વાહનો,ફાયર બ્રિગેડ,એમ્બ્યુલન્સના વાહનોને આ જાહેરનામું લાગું પડશે નહી.

## –: જાહેરનામાની અમલવારીની વિગત :–

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને ઉપર મુજબની વિગતેના મુદ્દાઓમાં તારીખની સાથે જણાવેલ સમય મુજબ કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૬/૧૨/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૬/૧૨/૨૦૨૫
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર

(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.